divyabhaskar.com




આણંદની એન.એસ.પટેલ આર્ટ્સ કોલેજના યજમાનપદે આયોજિત ગુજરાતી સાહિત્ય પરિષદના 47મા અધિવેશનમાં બુ યોજાયેલી બેઠકમાં કવિ મનોહર ત્રિવેદી, હરીશ મીનાશ્રુ, જલન માતરી અને સતિષ વ્યાસે કેફિયત રજૂ કરી હતી. આ પ્રસં પ્રમુખ રઘુવીર ચૌધરી, વર્ષા અડાલજા સહિત સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા. તસવીર પંકજ પટેલ

# મધ્યકાલીન સાહિત્ય શિક્ષણ માટે પાયો બન

## આણંદમાં ગુજરાત સાહિત્ય પરિષદના અધિવેશનના બીજા દિવસે વ્યાખ્યાન આપ્યાં

**ભાસ્કર ન્યૂઝ . આણંદ**

ગુજરાતી સાહિત્ય પરિષદના 47મા અધિવેશનમાં બીજા દિવસે બપોરના યોજાયેલી ત્રીજી બેઠકમાં વિવેચકોની બીજી પેઢીના પ્રહરીઓ એવા ચાર તંતુઓએ જોડાઈનો વિવેચન-સંશોધન પર વ્યાખ્યાન આપ્યાં હતાં. બેઠકમાં છેલ્લે પણ રસપ્રદ રીતે

ઠાકોરની અધ્યક્ષતામાં વિવેચન-સંશોધન પર યોજાઈ હતી. અધ્યક્ષપદેથી અજિત ઠાકોરે 'ભારતીય પરંપરામાં શાસ્ત્રીયવિમર્શની પદ્ધતિઓ : ટીકાના વિશેષ સંદર્ભમાં' વિષય પર વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે 'ભારતીય પરંપરામાં શાસ્ત્રીય વિમર્શની સમગ્ર પ્રક્રિયા વિમર્શના જુદાં-જુદાં તબક્કે જુદી જુદી પદ્ધતિઓ યોજે છે. એમાં સૂત્ર વૃત્તિ, પદ્ધતિ, ભાષ્ય, સમીક્ષા, ટીકા, પંજિકા, કારિકા અને વાર્તિક જેવી વિમર્શન પદ્ધતિઓનો સમાવેશ થાય છે. હર્ષવદન ત્રિવેદીએ આધુનિક પારિભાષિક સંજ્ઞાના ઘડતરની પ્રક્રિયા વિશે વાત કરતાં ફ્રેન્ચ ભાષા વાયા અંગ્રેજી

## આજે અધિવેશનની સમાપન બેઠ



**ગુજરાતી** સાહિત્ય પરિષદના 47મા અધિવેશનમાં 26મી ગુરુવારે સવારના 8:30 થી 11 વાગ્યા સુધી શિક્ષણના મ સાહિત્ય વિષય પર પરિસંવાદ યોજાશે. 11 વાગ્યે અધિવે બેઠક યોજાશે, જેમાં ઠરાવો અને પ્રતિભાવો રજૂ કરવા ભાસ્કરના કોલમિસ્ટ રઘુવીર ચૌધરી સમુહ માધ્યમ ચ

મધ્યકાલીન સાહિત્યનો ઉદાહરણ સાથે વર્તમાનમાં સંદર્ભ વિશે વાત કરી હતી. રાજેશ પંડ્યાએ જણાવ્યું હતું કે 'મધ્યકાલીન સાહિત્ય આજને એટલે વર્તમાનને ઓળખવામાં સમજવામાં તેમજ સ્વઓળખ માટે મદદરૂપ બની રહેશે. સાહિત્ય સંસ્થાઓ અને શિક્ષણ સંસ્થાઓમાં પાયાનું કામ કરી શકે છે.'

આણંદની એન.એસ.પટેલ આર્ટ્સ કોલેજના યજમાનપદે આયોજિત ગુજરાતી સાહિત્ય પરિષદના 47મા અધિવેશનમાં બુધવારે બપોરના ત્રીજી બેઠક અજિત

થઈને ગુજરાતીમાં આવે ત્યારે સંક્રમણ થાય તેની સમસ્યાઓના ઉકેલ આપસૂઝથી શોધીને રજૂ કર્યા હતા. પરિભાષાને અવતારવાનું કામ સહેલું નથી તે વિશેની વાત દૃઢતા સાથે કરીને આદરપૂર્વક ટીકા પણ કરી હતી. રાજેશ પંડ્યાએ મધ્યકાલીન સાહિત્યને સૌની સાથે સાંકળીને સેતુ રચવાનું કાર્ય કર્યું હતું. બેઠકમાં રઘુવીર ચૌધરી, પરિષદના પૂર્વ પ્રમુખ વર્ષા અડાલજા, પ્રીતિ સેનગુપ્તા સહિત સાહિત્યકારો,સાહિત્યરસિકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિષય પર વ્યાખ્યાન આપશે.

## કવિતા, ગીત અને ગઝલ પર કેફિયત

અધિવેશનમાં બુધવારે સવારના યોજાયેલી બીજી બેઠક
સાહિત્ય સ્વરૂપ પર વક્તાઓએ કેફિયત રજૂ કરી હતી
અધ્યક્ષ માધવ રામાનુજ નાદુરસ્ત તબિયતને કારણે
આપી શકતાં તેમના વ્યાખ્યાન 'કંઇક વિશેષ'ને સતીષ
કર્યું હતું. ચરોતરના કવિ હરીશ મીનાશ્રુએ કેફિયતમાં
ભાષાકર્મની વાત કરતાં જણાવ્યું હતું કે 'ભાષાકર્મ કવિ
આશયનું પરિણામ છે. મનોહર ત્રિવેદીએ કેફિયતમાં
અને ગ્રામજનો પાસેથી મેળવેલા આવેગો, સંવેદનાઓ
અને કવિતામાં કેવી રીતે આવ્યા તેના વિશે વાત કરી
દિલની વાત છે અને દિલની જબાનથી લખાય છે એમ
માતરીએ ગુજરાતમાં ઉર્દુ ગઝલની અને ગુજરાતી ગઝ
વિશેની વાત કરી હતી. બેઠકનું સંચાલન નીતિન વડ